

₹ ૧૫/-

## નૂતન ઉષાની છડી પોકારવી

# પ્રભુ અર્પણ

જાન્યુઆરી - ૨૦૧૮

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

**Matter shall reveal the Spirit's face**

*Sri Aurobindo*

**૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૦**

કાળની કોઈ પરવા વિના, અવકાશના કોઈ ડર વિના, અગ્નિસ્નાનની જ્વાલાઓમાંથી વિશુદ્ધ બનીને નીકળી પડેલા આપણે વિના વિરામ ઊડ્યે જઈશું આપણા લક્ષ્યની સિદ્ધિ પ્રત્યે, અતિમાનસ વિજય પ્રત્યે.

શ્રી માતાજી

નવા વર્ષનો જન્મ તે આપણી ચેતનાનો
નૂતન જન્મ બની રહે.
ભૂતકાળને આપણે ખૂબ પાછળ મૂકી દઈ
પ્રકાશમાન ભાવિ પરત્વે દોટ મૂકીએ.
આશીર્વાદ

શ્રી માતાજી

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જાન્યુઆરી - ૨૦૧૮ વર્ષ : ૦૪ અંક : ૧

# અનુક્રમ

## નૂતન ઉષાની છડી પોકારવી


નૂતન વર્ષ : બે પ્રાર્થનાઓ ૦૫

નૂતન વર્ષના સંદેશાઓ ૦૭

નૂતન વર્ષના અમુક સંદેશાઓ વિશે ટિપ્પણ ૧૭

*

વૃત્ત વિશેષ ૩૨


**તંત્રી નોંધ :** નૂતન વર્ષની ઉજવણી એ એક રૂઢિ છે, પ્રથા છે. અને છતાં એ એક એવી રૂઢિ છે જેનો ઉપયોગ આપણી ઝંખનાઓ અને આપણા પ્રયત્નોમાં એક નવેસરની શરૂઆત કરવાના પ્રસંગ તરીકે કરી શકાય. એનો ઉપયોગ એક એવી પૂરક ક્રિયા તરીકે પણ કરી શકાય, જે ક્રિયા વડે આપણે આપણા ભારરૂપ ભૂતકાળને — જે ભૂતકાળ આપણને પ્રગતિ કરતાં અટકાવતો હોય છે — દૂર કરી દઈ શકીએ. આપણા ભાવિનો કાર્યક્રમ નક્કી કરવા માટેનો એ દિવસ (નૂતન વર્ષનો આરંભ) હોય છે. શ્રી માતાજી એ જ રીતે પોતાના દિવ્ય સંગીત અને દિવ્ય સંદેશાઓ સહિત નવા વર્ષમાં આવનાર વસ્તુઓનું પૂર્વદર્શન કરાવતાં હતાં. આવનાર વર્ષમાં જે શક્યતાઓ અને જે મુશ્કેલીઓ આપણી રાહ જોઈ રહી હોય છે તેનું સૂચન તેઓ ઊર્ધ્વ જીવનના અભીપ્સુઓને કરતાં હતાં. ખાસ કરીને આપણી સમીપ સરી રહેલા ભવિષ્ય પ્રતિ આપણે કેવું વલણ અપનાવવું જોઈએ તેની ઝાંખી તેઓ આપણને કરાવતાં હતાં. આ અંકમાં શ્રી માતાજીએ આપેલા નૂતન વર્ષના સંદેશાઓ તેમ જ એમાંના અમુક સંદેશાઓની તેમણે આપેલી સમજૂતી અમે પુનઃ પ્રકાશિત કરીએ છીએ.

શ્રી માતાજી જે **સર્વ ઐશ્વર્ય** છે, **સર્વ સૌન્દર્ય** છે, **સર્વ જ્ઞાન** છે, **સર્વ** શક્તિ છે, **સર્વ મહામુદા** છે તેમની વધુને વધુ નજીક પ્રત્યેક દિવસ, પ્રત્યેક માસ, પ્રત્યેક વર્ષ આપણને લઈ જાઓ !

*

# નૂતન વર્ષ : બે પ્રાર્થનાઓ

**૨૯ ડિસેમ્બર ૧૯૧૩**

પ્રભુ મારી પ્રાર્થના છે કે આ અંત પામતા વર્ષનું આ સામુદાયિક સંમેલન એ અમારે માટે, અમારા જીવનમાં હવે જેને કશું જ સ્થાન રહ્યું નથી એવાં બંધનો અને આસક્તિઓ, ભ્રાંતિઓ અને નિર્બળતા, એ સર્વનો એક સાથે અંત આવી જાય એ માટેનો પ્રસંગ બની રહો. અમારે પ્રત્યેક પળે ભૂતકાળને ખરી જતી ધૂળની પેઠે ખંખેરી નાખતા રહેવું જોઈએ કે જેથી, અમારી સમક્ષ જે નૂતન માર્ગ પણ પ્રત્યેક પળે ખૂલી રહ્યો છે તે મલિન ન બનવા પામે.

અમારી ભૂલો અમે અમારી અંદર જોઈ લીધી છે અને સુધારી લીધી છે, એ હવે કોઈ અપરિણામી વ્યર્થ મૃગજળ કરતાં કોઈ વિશેષ રૂપે ન રહેવા પામો અને અમે હવે જેની કાંઈ જરૂર  રહી નથી એવાં સર્વ અજ્ઞાનો, સર્વ અંધકારો, સર્વ અહંકારોને દૃઢતાપૂર્વક પગ હેઠળ દબાવી દઈને, એક અધિક વિશાળી ક્ષિતિજો પ્રત્યે, અધિક તીવ્ર પ્રકાશ પ્રત્યે, અધિક પૂર્ણ કરુણા પ્રત્યે, અધિક અનાસક્ત પ્રેમ પ્રત્યે... તારા પ્રત્યે અમારું ઉડ્ડયન હિંમતપૂર્વક શરૂ કરીએ.

પ્રભુ અમારા જીવનસ્વામી, હું તને પ્રણામ કરું છું અને પૃથ્વી ઉપર તારા શાસનની ઘોષણા કરવા ઇચ્છું છું. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧ પૃ. ૩૦-૩૧)



**સામૂહિક અભીપ્સાની શક્તિ**

**સંવાદપૂર્ણ સામૂહિક અભીપ્સા સંજોગોના પ્રવાહને બદલી શકે છે.**

Botanical name : Hoya carnosa

**૧ જાન્યુઆરી ૧૯૧૪**

તને, સર્વ વરદાનોના પરમ વરદાતાને, જીવનને વિશુદ્ધ બનાવી, સુંદર અને શુભ બનાવી તેના અસ્તિત્વની સત્યતાને સિદ્ધ કરનારને; તને, અમારા ભાગ્યોના વિધાયકને અને અમારી અભીપ્સાઓના લક્ષ્યને, આ નૂતન વર્ષની પ્રથમ ઘડી સમર્પિત કરવામાં આવી છે.

એ ઘડી આ સમર્પણને લીધે પૂરી ગૌરવવંતી બની રહો; તને મેળવવાની જેઓ આશા રાખી રહ્યા છે તેઓ તારી સાચા રસ્તે શોધ કરો; જેઓ તને શોધી રહ્યા છે તેમને તારાં દર્શન થાઓ, અને જેઓ પોતાના દર્દનો ઇલાજ ક્યાં રહેલો છે તે જાણ્યા વિના વેદના વેઠી રહ્યા છે તેઓ પોતાની ચેતનાના કઠણ પડને થોડે થોડે વીંધતી જતી તારી જીવન-શક્તિનો અનુભવ પામો.

તારા કલ્યાણમય પરમ પ્રકાશ સમક્ષ હું ગહન ભક્તિપૂર્વક અને અસીમ કૃતજ્ઞતાપૂર્વક ઝૂકીને પ્રણામ કરું છું; તેં તારો આવિર્ભાવ કર્યો છે તે માટે પૃથ્વીના વતી, હું તને ધન્યવાદ ઉચ્ચારું છું. અને પૃથ્વી વતી હું તને પ્રાર્થું છું કે તારો આવિર્ભાવ, પ્રકાશ અને પ્રેમની અસ્ખલિત વૃદ્ધિ કરતાં કરતાં, સદાયે વધુને વધુ થતો રહો.

અમારા વિચારોનો, અમારી લાગણીઓનો, અમારાં કર્મોનો તું પરમ સ્વામી બની રહો.

તું છે અમારી વાસ્તવિકતા, એકમાત્ર વાસ્તવિકતા.

તારા સિવાય અન્ય સર્વ કાંઈ અસત્ય છે અને ભ્રાંતિ છે, બધું જ શોકભર્યો અંધકાર છે.

તારામાં છે જીવન, પ્રકાશ અને આનંદ.

તારામાં છે પરમ શાંતિ. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧ પૃ. ૩૧-૩૨)



**પ્રભુ પાસેથી પ્રેમ**

પરમાત્મા કોઈ વિશિષ્ટ વ્યક્તિ કે વસ્તુ ઉપર જે પ્રેમ પહોંચાડે છે તેનું આંદોલન.

Botanical name : Rosa

## નૂતન વર્ષના સંદેશાઓ

### ૧૯૩૩

નવા વર્ષના જન્મની સાથે આપણી ચેતનાનો પણ નવો જન્મ થાઓ. ભૂતકાળને દૂર પાછળ મૂકી દઈને આપણે પ્રકાશવંત ભવિષ્ય તરફ દોડી જઈએ.

### ૧૯૩૪

પ્રભુ! વર્ષ તેના અંત તરફ જઈ રહ્યું છે અને અમારી કૃતજ્ઞતા તને નમસ્કાર કરી રહી છે.

પ્રભુ! વર્ષનો પુનર્જન્મ થઈ રહ્યો છે, અમારી પ્રાર્થના તારા પ્રતિ ઊર્ધ્વમાં ઊઠી રહી છે.

આ અમારા માટે પણ એક નૂતન જીવનની ઉષા બની રહો.

### ૧૯૩૫

જે કાંઈ બનાવટી અને અસત્ય છે, જે કાંઈ દંભ અને અનુકરણ કરે છે તે સર્વ આ નૂતન વર્ષની સંધ્યાએ તને અમે સમર્પિત કરી દઈએ છીએ. તે સર્વ આ સમાપ્ત થતા વર્ષની સાથે અદૃશ્ય થઈ જાઓ. જે કાંઈ પૂર્ણરૂપે સત્ય, સત્યનિષ્ઠ, સરળ અને શુદ્ધ છે તેજ આ શરૂ થતા વર્ષમાં ટકી રહો.

### ૧૯૩૬

હે પ્રભુ! વરદાન આપ કે આ વર્ષ તારા વિજયનું વર્ષ બની રહો. એક સંપૂર્ણ વફાદારી, જે અમને તારા વિજયને માટે યોગ્ય બનાવે તેને માટે અમે અભીપ્સા કરીએ છીએ.

### ૧૯૩૭

વિઘ્નમાત્રના વિજેતા હે પ્રભુ! તારો જય હો! કૃપા કર કે અમારી અંદરનું કશું પણ તારા કાર્યમાં વિઘ્નરૂપ ન બનો.

## ૧૯૩૮

પ્રભુ! અમારી અંદરનું સર્વ કાંઈ તારા સાક્ષાત્કારને માટે તૈયાર થાઓ. સર્વ સાક્ષાત્કારોના હે પરમ પ્રભુ! નૂતન વર્ષના ઊંબરે ઊભા રહી અમે તને નમસ્કાર કરીએ છીએ.

## ૧૯૩૯

આ વર્ષ શુદ્ધીકરણનું વર્ષ હશે.

હે પ્રભુ! ભગવાનના કાર્યમાં ભાગ લેનાર સર્વ કાર્યકર્તાઓ તને પ્રાર્થે છે કે એક પરમ શુદ્ધિકરણ દ્વારા તેઓ અહંકારના શાસનમાંથી મુક્ત થઈ જાઓ.

## ૧૯૪૦

શાંતિ અને અપેક્ષાનું વર્ષ...

હે પ્રભુ! અમે ફક્ત તારી કૃપામાં જ પૂરેપૂરો આધાર શોધી લઈએ.

## ૧૯૪૧

પ્રભુવિરોધી આસુરિક શક્તિઓના આક્રમણથી ઘેરાયેલ જગત પોતાના આધ્યાત્મિક જીવન માટે લડી રહ્યું છે.

પ્રભુ! અમે અભીપ્સા કરીએ છીએ કે અમે તારા વીર યોદ્ધાઓ બનીએ જેથી તારો મહિમા પૃથ્વી ઉપર અભિવ્યક્ત થાય.

## ૧૯૪૨

સર્વ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરનાર હે પ્રભુ! તારો જય હો! અમને એવી શક્તિ આપ કે અમે સહન કરી શકીએ અને તારા વિજયમાં ભાગ લઈ શકીએ.

## ૧૯૪૩

હવે એ ઘડી આવી પહોંચી છે જ્યારે એક મૌલિક અને સુનિશ્ચિત પસંદગી કરવી જોઈશે.

પ્રભુ! અમને શક્તિ આપ કે અમે અસત્યનો ત્યાગ કરીએ અને તારા સત્યમાં ઉપર ઊઠીએ, વિશુદ્ધ અને તારા વિજયને માટે યોગ્ય.

## ૧૯૪૪

પ્રભુ! જગત તને પ્રાર્થના કરે છે કે તું તેને એની એજ મૂર્ખતાઓમાં હમેશાં પડવામાંથી બચાવી લે.

કૃપા કર કે જે ભૂલો ધ્યાનમાં આવી છે તે કદી ફરી ફરી ન કરવામાં આવે.

છેલ્લે એવી કૃપા કર કે તેનાં કર્મો તેણે ઘોષણા કરેલા આદર્શોની ક્ષતિ રહિત અને સત્યનિષ્ઠ અભિવ્યક્તિ બની રહે.

## ૧૯૪૫

પૃથ્વી એક સ્થાયી અને જીવંત શાંતિને ત્યારે જ ભોગવી શકશે જ્યારે માણસો એ સમજશે કે તેઓએ પોતાના આંતરરાષ્ટ્રીય વ્યવહારોમાં પણ સત્યપરાયણ બની રહેવું જોઈશે.

ઓ પ્રભુ! અમે આ પૂર્ણ સત્યપરાયણતા માટે અભીપ્સા કરીએ છીએ.

## ૧૯૪૬

પ્રભુ! અમારે તારી શાંતિ જોઈએ, શાંતિનો વ્યર્થ આભાસ નહિ, તારી સ્વતંત્રતા જોઈએ, સ્વતંત્રતાનો આભાસ નહિ, તારી એકતા જોઈએ, એકતાનો આભાસ નહિ. કારણ કે ફક્ત તારી શાંતિ, તારી સ્વતંત્રતા અને તારી એકતા જ, આંધળી હિંસા, પાખંડ અને અસત્ય જે હજુ પણ પૃથ્વી ઉપર શાસન કરી રહ્યાં છે તેમના ઉપર વિજયી બની શકે.

વરદાન આપ કે જેઓએ તારા વિજય માટે આટલી વીરતાપૂર્વક સંઘર્ષ કર્યો છે અને દુઃખો સહન કર્યાં છે તેઓ આ વિજયનાં સાચાં અને મૌલિક પરિણામો જગતમાં સિદ્ધ થયેલાં જુએ.

1947

At the very moment when everything seems to go from bad to worse, it is then that we must make a supreme act of faith and know that the Grace will never fail us.

જ્યારે સર્વ વસ્તુઓ ખરાબથી વધુ ખરાબ અવસ્થા તરફ જતી લાગે બરાબર તે ક્ષણે જ આપણે શ્રદ્ધાનું સર્વોચ્ચ કાર્ય કરવું જોઈએ અને જાણવું જોઈએ કે પરમ કૃપા આપણને કદાપિ છોડી જશે નહિ.

## ૧૯૪૮

આગળ ધપ્યે જાઓ, નિરંતર આગળ ધપ્યે જાઓ!

બોગદાને અંતે છે પ્રકાશ....

યુદ્ધને અંતે છે વિજય !

## ૧૯૪૯

પ્રભુ! નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ મેં તને પૂછયું કે મારે શું કહેવું જોઈએ. તેં મને બે અંતિમ અને વિરોધી શક્યતાઓ બતાવી અને મને શાંત રહેવા માટે આદેશ આપ્યો.


## ૧૯૫૦

બોલો નહિ. કામ કરો.

જાહેરાત ન કરો. સાક્ષાત્કાર કરો.

## ૧૯૫૧

પ્રભુ! તારું રૂપાન્તરનું કાર્ય સિદ્ધ થાય એટલા માટે અમે પૃથ્વી ઉપર આવેલા છીએ. એ કાર્ય એ જ અમારો એક માત્ર સંકલ્પ છે, એ જ અમારા ચિત્તની એકમાત્ર વૃત્તિ છે. અમારી પ્રાર્થના છે કે એ કાર્ય અમારા જીવનની પણ એકમાત્ર પ્રવૃત્તિ બની રહો અને અમારાં સર્વ કાર્યો આ એક જ ધ્યેય પ્રતિ જવામાં અમને મદદરૂપ થાઓ.


1951

Lord, we are upon earth to accomplish Thy work of transformation. It is our sole will, our sole preoccupation. Grant that it may be also our sole occupation and that all our actions may help us towards this single goal.

## ૧૯૫૨

પ્રભુ! તેં અમારી શ્રદ્ધાની પરીક્ષા કરવાનો અને અમારી સત્યનિષ્ઠાને તારી કસોટીમાંથી પસાર કરવાનો નિશ્ચય કર્યો છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે અમે આ અગ્નિ-પરીક્ષામાંથી વધારે વિશુદ્ધ અને મહાન બનીને બહાર આવીએ.

## ૧૯૫૩

પ્રભુ! તેં કહ્યું છે : થાકીને છોડી ન દેશો, ટકી રહો. જ્યારે સર્વ કાંઈ ગુમાવ્યું હોય એવું લાગે છે ત્યારે જ સર્વ કાંઈ બચાવી લેવામાં આવે છે.

## ૧૯૫૪

મારા પ્રભુ, આ નૂતન વર્ષે આપે સર્વને માટે આ રીતની સલાહ આપી છે :

‘‘કદી કોઈપણ બાબતની બડાઈ ન કરશો. તમારાં કાર્યોને જ તમારા વતી બોલવા દો.’’

*1955*

*No human will can finally*
*prevail against the Divine's Will.*
*Let us put ourselves deliberately and*
*exclusively on the side of the Divine,*
*and the Victory is ultimately certain*

કોઈપણ માનવીય સંકલ્પ આખર જતાં પ્રભુના સંકલ્પની સામે ટકી શકતો નથી. આપણે આપણી જાતને જ્ઞાનપૂર્વક અને અનન્યપણે પ્રભુની સાથે મૂકી દઈએ અને છેવટે વિજય નિશ્ચિત છે.

## ૧૯૫૬

મોટામાં મોટા વિજયો ઓછામાં ઓછો અવાજ કરનારા હોય છે. નૂતન જગતના આવિર્ભાવની ઘોષણા ઢોલ પીટીને કરવામાં આવતી નથી.

1957

A Power greater than that of Evil can alone win the victory. It is not a crucified but a glorified body that will save the world —

અશુભની શક્તિ કરતાં વધારે મહાન હોય, કેવળ તેવી એક શક્તિ જ વિજય પ્રાપ્ત કરી શકે છે. ક્રોસ પર ચઢાવેલ શરીર નહિ પરંતુ એક દેદીપ્યમાન બનેલું શરીર જ જગતનો ઉદ્ધાર કરશે.

1958

O Nature, Material Mother, thou hast said that thou wilt collaborate and there is no limit to the splendour of this collaboration.

હે પ્રકૃતિ! ભૌતિક મેયા, તેં કહ્યું છે કે તું સહકાર આપીશ અને તારા સહકારની ભવ્યતાની કોઈ સીમા નથી.

૧૯૫૯

અચેતનાના સૌથી સખત, અક્કડ, સંકુચિત અને ગૂંગળાવી મૂકે એવા તળિયે એક સર્વશક્તિમાન કમાન પર હું અથડાઈ પડી અને એ કમાને તુર્ત જ મને અરૂપ, અસીમ વિશાળતામાં ઊંચે ઉછાળી. એ વિશાળતા નૂતન જગતનાં બીજથી આંદોલિત થતી હતી.

**૧૯૬૦**

**જાણવું સારું છે,**

**જીવવું વધારે સારું છે,**

**બની રહેવું, એ પૂર્ણતા છે.**

**૧૯૬૧**

**આનંદની આ અદ્‌ભુત સૃષ્ટિ પૃથ્વી ઉપર ઊતરી આવવા માટે આપણા પુકારની પ્રતીક્ષા કરતી આપણા બારણે ઊભી છે.**

**૧૯૬૨**

**આપણે પૂર્ણતા માટે તરસીએ છીએ. આ માનવીય પૂર્ણતા નહિ કે જે અહંકારની પૂર્ણતા છે અને દિવ્ય પૂર્ણતા પ્રતિ જતા માર્ગને રોકી રાખે છે.**

**પરંતુ તે એક એવી પૂર્ણતા કે જેની પાસે શાશ્વત સત્યને પૃથ્વી ઉપર અભિવ્યક્ત કરવાનું સામર્થ્ય છે.**

**૧૯૬૩**

**આપણે પ્રભુની ઘડી માટે તૈયારી કરીએ.**

**૧૯૬૪**

**તમે તૈયાર છો ?**

**૧૯૬૫**

**સત્યના આગમનને નમસ્કાર.**

**૧૯૬૬**

**આપણે સત્યની સેવા કરીએ.**

**૧૯૬૭**

માનવો, રાષ્ટ્રો, ભૂખંડો !

પસંદગી અનિવાર્ય છે.

સત્ય અથવા સર્વનાશની ખાઈ.

**૧૯૬૮**

યુવાન બની રહો, પૂર્ણતા પ્રતિ પ્રયાસ કરવાનું કદી બંધ ન કરો.

**૧૯૬૯**

શબ્દો નહિ - કાર્યો.

**૧૯૭૦**

જગત એક મહાન પરિવર્તનને માટે તૈયારી કરી રહ્યું છે.

તમે મદદ કરશો ?

**૧૯૭૧**

તેઓ આશીર્વાદને પામ્યા છે જેઓ ભવિષ્ય પ્રતિ છલાંગ ભરે છે.

**૧૯૭૨**

આપણે સૌ શ્રી અરવિન્દ શતાબ્દીને માટે પાત્ર બનવાની કોશિશ કરીએ.

**૧૯૭૩**

તમે જ્યારે એક જ સમયે સમગ્ર વિશ્વ વિશે સભાન બનો છો ત્યારે તમે ઈશ્વર વિશે સભાન બની શકો છો.



શ્રી માતાજી

# નૂતન વર્ષના અમુક સંદેશાઓ વિશે શ્રી માતાજીની ટિપ્પણ

આ આનંદનું જગત પૃથ્વી ઉપર અવતરણ કરવા માટે આપણાં બારણાં પાસે જ આપણા સાદ માટે રાહ જોઈ રહ્યું છે....

**૧૯૬૧**

> **આ ''આનંદનું અદ્ભુત જગત'' ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ જે અતિમનસ નવીન જગત જનમ પામ્યું તે જ છે કે તે જુદું જ જગત છે ? જ્યારે તમે તેને ''આનંદનું જગત'' કહ્યું છે ત્યારે તે ફક્ત અત્યારે જન્મ પામેલા અતિમાનસ જગતનો જ આનંદ ન હોઈ શકે ? તેનો અર્થ એવો ખરો કે અતિમાનસ જગતના આવિર્ભાવ પછી હવે એક વધારાનું જગત આપણા સાદ માટે આપણા દ્વાર પાસે પૃથ્વી ઉપર આવિર્ભાવ પામવા માટે રાહ જોઈ રહેલું છે ?**

સર્જનની શરૂઆતથી જ કાયમ તે રાહ જોઈ રહેલું છે.

> **આ આનંદનું જગત અસ્તિત્વની ક્રમિક ભૂમિકાઓમાં અતિમાનસના જગત ઉપર ગોઠવાયેલું છે ? જો તે પ્રમાણે હોય તો તેનો અર્થ એવો ખરો કે અતિમાનસ જગતના છ વર્ષ પહેલાંના જન્મ પછી તે પૃથ્વી ઉપર એવી સારી રીતે સ્થાપન થયેલું છે કે જેથી કરીને તેનાથી પણ વધારે ઉચ્ચતર જગતના આવિર્ભાવનું પૃથ્વી ઉપર સ્થાપન થઈ શકે ?**

આ પ્રમાણે નિશ્ચિત કહી શકાય નહિ.

> **ઉપરનો પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થાય છે કે શ્રી અરવિન્દના કહેવા પ્રમાણે જ્યાં સુધી અતિમાનસ પૃથ્વીની ઉત્ક્રાંતિમાં સારી રીતે સ્થાપન થાય નહિ ત્યાં સુધી આનંદમય ભૂમિકા પૃથ્વી ઉપર આવિર્ભાવ પામી શકે નહિ.**

આ બિલકુલ સ્પષ્ટ છે.

> **'આપણા બારણા આગળ રાહ જોઈને ઊભું રહેલું' નો શો અર્થ ? તેનો અર્થ એવો થાય કે તે સૂક્ષ્મ શારીરિક ભૂમિકા સુધી નીચે ઊતરી આવેલું છે ?**

મેં તે દ્વારો ક્યાં છે તેનો ચોક્કસ નિર્દેશ કરેલો નથી

> **''આપણા સાદને માટે પૃથ્વી ઉપરના અવતરણ માટે બારણાં પાસે ઊભું રહ્યું છે'' – તેનો અર્થ એવો ખરો કે જ્યાં સુધી તેને સાદ ન કરવામાં આવે ત્યાં સુધી તે નીચે અવતરણ પામશે નહિ ?**

ચોક્કસ ના.

**આ આનંદના જગતને નીચે ઉતારવાનો શ્રેષ્ઠ માર્ગ કયો છે ?**

સમજો અને સચ્ચાઈવાળા બનો.

**તમારી છબીઓની નકલો જે દરેકની ઉપર એક સમજૂતી આપેલી હતી અને તમે ૨૧ જાન્યુઆરી ૧૯૬૧ના રોજ એ છબીઓ વહેંચેલી તેને અને આનંદના જગતના અવતરણને કોઈ સંબંધ છે? જો તે સાદ કરવા માટે મદદરૂપ હોય તો તે હેતુ માટે તેનો ઉત્તમ ઉપયોગ કઈ રીતે થઈ શકે?**

દરેકે પોતાની જાતે જ તે શોધી લેવું જોઈએ.

**અમે તમારા સંદેશને એક આહ્વાનમાં ફેરવીને નીચે પ્રમાણે મૌન એકાગ્રતામાં તેનો જાપ કરીએ : ''હે આનંદના અદ્ભુત જગત, જે અમારા દ્વાર પાસે અમારા સાદની રાહ જોઈ રહ્યું છે, તે નીચે પૃથ્વી ઉપર અવતરણ પામો.'' અમે જો ઉપર પ્રમાણે કરીએ તો આ જગતને નીચે ઉતારવામાં તે મદદરૂપ થાય ?**

જે લોકોને સાહજિક રીતે એ પ્રમાણે કરવાનું મન થાય તેમને માટે તે મદદરૂપ બનશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : ૧૪૫-૪૬)

***

## ભવિષ્ય માટે કાર્ય કરવું (૧૯૭૦)

જગત મહાન પરિવર્તન માટે તૈયારી કરી રહ્યું છે,

તમે મદદ કરશો ?

**તમે આપેલા નવા વર્ષના સંદેશમાં તમે કહ્યું તે પ્રમાણે અમારે જગતના મહાન પરિવર્તનમાં કઈ રીતે મદદ કરવી જોઈએ ?**

જે નવીન ચેતના પૃથ્વી ઉપર ઊતરી આવી છે તેને તમારી અંદર પરિવર્તન કરવા દેવું એ મદદ કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

**''ભવિષ્ય માટે કાર્ય કરવું'' એટલે શું ?**

શરૂઆત કરવા માટે તમારે તમારી વ્યક્તિગત કે રાષ્ટ્રગત જૂની ટેવોને વળગી ન રહેવું.

***

સાચી માયાળુતામાંથી પ્રાપ્ત થતા આનંદમાં રહેલી પ્રકાશમય શાંતિનું — દિવ્ય કરુણાનું માનવ બાળ — આ વર્ષ બની રહો.

આપણે એવી આશા પણ રાખીએ કે આ વર્ષ આપણને ફરીથી એકઠા કર્યા સિવાય પસાર ન થાય.

***

નવીન વર્ષની ઉષા આપણા માટે પણ એક નવીન અને વધારે સત્ય જીવનની ઉષા બની રહો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : ૧૪૮)

***

## અતિમાનસ આવિર્ભાવના આગમનની છડી પોકારવી

વર્ષ ૧૯૫૬નો નૂતન વર્ષનો સંદેશ : મોટામાં મોટા વિજયો ઓછામાં ઓછો અવાજ કરનારા હોય છે. નૂતન જગતના આવિર્ભાવની ઘોષણા ઢોલ પીટીને કરવામાં આવતી નથી.

**માતાજી, તમે આ વર્ષે જે સંદેશ આપ્યો છે તેને જરાક સમજાવશો ?**

આ તો બહુ સરળ બાબત છે. વસ્તુઓનું કથન કર્યા સિવાય, તેમને બનવા દેવી તે વધારે સારું છે. વસ્તુ બને ત્યાર પહેલાં તેને વિશે કાંઈ પણ ન કહેવું તે વધારે સારું છે. નહિ તો તે દુંદુભિ-ઘોષ બની જાય છે, જાહેરાત બની જાય છે.

કેટલાક લોકો એવા હોય છે કે જેઓ એવી વાત પૂછતા હોય છે કે — તે બનનારી વસ્તુ કેવી હશે ? શું બનશે તે આપણે જોઈશું, જરાક રાહ જુઓ. આપણને કોઈક આશ્ચર્યજનક વસ્તુ પ્રાપ્ત થશે ! હું તેમને જવાબ આપું છું કે — તેને વિશે હું કાંઈ જ જાણતી નથી. જે જગતને જાહેર કરવામાં આવે છે કે — અસાધારણ વસ્તુઓ બનવાની છે, તે જગતની ચેતનામાં — અત્યારના જગતની ચેતનામાં — હું તરત મારી જાતને મૂકી આપું છું. તે ચેતનાથી વસ્તુઓ બનવાની છે તેની કલ્પના કરવા એ અશક્તિમાન છે, કારણ કે જો તમે તેમની કલ્પના કરી શકો, તો તો તે ત્યાં વિદ્યમાન છે જ. તમે જેની કલ્પના કરો, તે વસ્તુ પહેલાં વિદ્યમાન હોવી જોઈએ; નહિ તો તમે તેની કલ્પના જ ન કરી શકો.

હા, પોતાના ઉચ્ચતર અસ્તિત્વમાં માણસ તેનું ખૂબ સ્પષ્ટ, ચોક્કસ, તેજોમય દર્શન કરી શકે છે. પણ ભૌતિક ચેતનામાં નીચે આવે, તો તે માણસ એમ જ કહે કે — હું તેને વિશે કાંઈ જ જાણતો નથી. જ્યારે તે બનશે, ત્યારે તે વસ્તુ કેવી છે તે હું તમને કહીશ. પણ ત્યારે મારે કહેવાની જરૂર નહિ પડે, કારણ કે તમે પોતે જ તે જોઈ શકશો. હું આશા રાખું છું કે — તેને જોનારા લોકોમાંના તમે એક હશો, કારણ કે ત્યારે પણ કેટલાક લોકો એવા હશે કે જેઓ તેને નહિ જોઈ શકે.

તે વસ્તુ આવી ગઈ છે, તે આ પ્રકારની છે — એમ લોકો પાસે જઈને કહેવાથી શો ફાયદો ? અહીં જે નાટક—લીલા ચાલી રહી છે તેમાં તેઓ જવાબ આપશે કે—પણ હું તો કાંઈ જ જોઈ શકતો નથી ! તમને યાદ છે ? તે વાત 'લાસેઈજ'માં આવી હતી. તેમાં દૂતે કહ્યું હતું કે —'ભગવાન હાજરાહજૂર છે; તે તમારી વાત સાંભળે છે. ત્યારે કોઈકે જવાબ આપ્યો હતો કે — પણ હું ભગવાનને જોતો નથી.' એ તેના જેવી વાત છે.

તે એ લોકોના જેવી વાત છે કે જેઓ આશ્રમની મુલાકાતે આવે છે અને કહે છે કે —'અહીં આધ્યાત્મિકતા તો નથી !' તે લોકો તેને કેવી રીતે જોઈ શકે ? કઈ ઇન્દ્રિયો વડે જોઈ શકે ?

પણ છતાં હું એવી આશા રાખું છું કે — જ્યારે કોઈક વસ્તુ પ્રગટ થશે, ત્યારે તમે તે જોઈ શકશો.

સ્વાભાવિક રીતે જ, જો ઓચિંતાં તેજોમય સત્ત્વો દેખાય, જો બાહ્ય શારીરિક રૂપો તદ્દન પરિવર્તિત થઈ જાય, તો મને લાગે છે કે — કૂતરો, બિલાડી, અથવા ગમે તે પ્રાણી તેને જોઈ શકે. પણ તેમ થતાં સમય લાગશે, તે હમણાં જ ન બની શકે. તે હજી ખૂબ દૂર છે. તેને બનતાં હજી ઘણો સમય લાગશે. ત્યાર પહેલાં ઘણી મહાન વસ્તુઓ બનશે, જે વધારે મહત્ત્વની હશે. મારા શબ્દો બરાબર સમજો.

કારણ કે તે તો માત્ર ખીલતું પુષ્પ છે. પણ તે ખીલે ત્યાર પહેલાં, યોજનાના મૂળમાં તેના અસ્તિત્વનું તત્ત્વ હોવું જોઈએ.

> **જો કોઈક આવિર્ભાવ બને તો તે માત્ર આધ્યાત્મિક જ હશે, અર્થાત્ જે લોકો યોગ કરતા હશે તેઓ જ તેને જોઈ શકશે કે પછી હકીકતોના જગતમાં પણ તેનાં પરિણામો આવશે?**

મારા બાળક, તું આ વાતને ભવિષ્ય-કાળમાં કેમ મૂકે છે !

જગતમાં ક્યારનાંય, હજારો વર્ષોથી, અસાધારણ, કલ્પનામય ગણાય તેવાં પરિણામો થઈ ચૂક્યાં છે. પણ તે જોવા માટે, માણસમાં થોડુંક જ્ઞાન હોવું જોઈએ. નહિ તો તે તેને તદ્દન સાધારણ વસ્તુઓ માની લેતો હોય છે, કારણ કે તે કેવી રીતે બને છે તેનું તેને જ્ઞાન પણ હોતું નથી.

એટલે કદાચ આ વખતે પણ તેવું બને. સંભવ છે કે મહાન પરિવર્તનો આવે, કલ્પનામય ગણાય તેવાં કાર્યો બને. પણ લોકો કહેશે કે — આ તો સ્વાભાવિક રીતે જ બન્યું છે, કારણ કે તે વસ્તુઓ કેવી રીતે બને છે તે તેઓ જાણતા હોતા નથી.

જગતમાં કાર્ય? તે તો સતત થતું જ રહેતું હોય છે. તે એવું કાંઈક હોય છે કે જે સર્વત્ર પ્રસરી જાય છે, સર્વત્ર કાર્ય કરી રહેતું હોય છે, સર્વત્ર નવીન આવેગો આપતું હોય છે. સર્વત્ર નવીન દૃષ્ટિબિંદુઓ, નવીન વિચારો, સંકલ્પનાં નવીન કાર્યો આપતું હોય છે. પણ તે કેવી રીતે બને છે તે ન જાણતા હોવાને કારણે લોકો તેને સ્વાભાવિક ગણે છે.

તે તદ્દન સ્વાભાવિક હોય છે, પણ સામાન્ય ભૌતિક પ્રકૃતિ કરતાં તેની સ્વાભાવિકતા ભિન્ન પ્રકારની હોય છે.

***

**ભૌતિક પ્રકૃતિનો સહકાર (૧૯૫૮)**

હે પ્રકૃતિ, ભૌતિક મૈયા,
તેં જણાવ્યું છે કે તું સહકાર આપીશ,
અને તારા સહકારની ભવ્યતાની કોઈ સીમા નથી.

***

**મધુર માતાજી, તમે આ વર્ષના સંદેશને સમજાવશો ?**

મારે તમને એક જ વાત કહેવી જોઈએ. તમારે આ અનુભૂતિના અર્થ વિશે ગેરસમજ ન કરવી જોઈએ, અને એમ ન કલ્પી લેવું જોઈએ કે હવેથી કોઈ પણ મુશ્કેલી વગર આપણી અંગત ઇચ્છાઓ અને બધું હંમેશાં આપોઆપ બરાબર બની જશે, તે આ ભૂમિકા પર શક્ય નથી. તેનો અર્થ એવો નથી કે જ્યારે આપણે ઇચ્છીએ કે વરસાદ ન આવવો જોઈએ ત્યારે વરસાદ નહિ! જ્યારે આપણે જગતમાં અમુક વસ્તુ બને એવી ઇચ્છા કરીએ કે તરત જ તે પ્રમાણે બનશે, બધી મુશ્કેલીઓ ચાલી જશે, અને દરેક વસ્તુ પરીકથાઓમાં બનતી હોય છે તેમ, બધું ઠીક ઠીક થઈ જશે. તે પ્રમાણે નહિ બને, તે કાંઈક વધારે ગહન છે. શક્તિઓની પોતાની લીલામાં, પ્રકૃતિએ આ નવીન શક્તિનો સ્વીકાર કર્યો છે કે જે શક્તિ પ્રગટ થઈ ચૂકી છે, પ્રકૃતિએ પોતાની ગતિઓમાં તેનો સમાવેશ કર્યો છે. પ્રકૃતિની ગતિઓ માનવીય સ્કેઈલથી પર એવા સ્કેઈલ ઉપર હોય છે. સામાન્ય માનવીય ચેતનાને તે દૃષ્ટિગોચર નથી હોતી. તે એક આંતર, માનસશાસ્ત્રીય શક્યતા છે કે જે જગતમાં આવી ચૂકી છે. તે પાર્થિવ ઘટનાઓમાં દેખાઈ આવે એવું પરિવર્તન નથી.

હું આ કહી રહી છું, કારણકે તમે એમ માનવા લલચાઓ કે પૃથ્વી પર પરીકથાઓ હવે બનવાની છે, તે માટે હજી સમય પાક્યો નથી.

(મૌન)

ઘટનાઓ કેવી રીતે બને છે તે સમજવા માટે, માણસમાં ખૂબ ધીરજ અને ખૂબ પરિપૂર્ણ, વિશાળ દર્શનાની જરૂર છે.

(મૌન)

જે ચમત્કારો થતા હોય છે તે કથાઓના પુસ્તકમાં આવતા ચમત્કારો નથી, અર્થાત્ કથાઓમાં તે બનતા હોય છે તે રીતે બનતા હોતા નથી. તે માત્ર વસ્તુઓની ખૂબ ગહન, વિશાળ દર્શનાને જ દૃષ્ટિગોચર હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : પૃ. ૨૨૮-૨૨૯)

***

## પ્રકૃતિની પુરાણી પદ્ધતિઓ અને નૂતન માર્ગ

આપણા એક વર્ગમાં[૧] મેં કહ્યું હતું કે અખૂટ સર્જન કરતી પ્રકૃતિ પાસે અમર્યાદિત વિપુલતા છે. પ્રકૃતિ વસ્તુઓના સમૂહોને હાથમાં લે છે, તેમને મિશ્રિત કરે છે. વળી પાછી તેમનું વિઘટન કરે છે, તેમને ફરી નવો ઘાટ આપે છે. તેમનો સંહાર કરે છે જેથી તે નવીન મિશ્રણો, સંઘટનો પ્રત્યે ગતિ કરી શકે. મેં કહ્યું હતું કે એ એક મોટો ચરુ છે. પ્રકૃતિ તેમાં રહેલી વસ્તુઓને હલાવે છે, કાંઈક બહાર લાવે છે, તે રૂપ તેને સારું લાગતું હોતું નથી, એટલે ફરી તેને તે ચરુમાં નાંખે છે અને બીજી કોઈ વસ્તુને બહાર લાવે છે ! એક, બે, કે સો રૂપો તેને મન મહત્ત્વનાં નથી હોતાં, હજારો, લાખો રૂપો હોય છે. સો, હજાર, લાખો વર્ષો તેને મહત્ત્વનાં નથી હોતાં; તેની

૧. ૩૦ ઓક્ટોબર ૧૯૫૦

પાસે તો શાશ્વતી પડી છે! એ વાત તદ્દન સ્પષ્ટ છે કે પ્રકૃતિને તેમ કરવામાં મજા પડતી હોય છે, તે ઉતાવળમાં નથી હોતી. જો તેને એમ કહેવામાં આવે કે તું ઝડપ કરીને તારું કામ જલ્દી પૂરું કરી લે તો તે હંમેશાં એક જ જવાબ આપે છે કે મારે શા માટે તેમ કરવું જોઈએ ? શું તમને આમાં મજા નથી પડતી ?

આજે સાંજે મેં તમને આ વસ્તુઓ વિશે વાત કરી હતી. મેં મારી જાતનું પ્રકૃતિ સાથે સંપૂર્ણ તાદાત્મ્ય કર્યું હતું, હું તેની રમતમાં જોડાઈ હતી. તે તાદાત્મ્યની ગતિનો એક પ્રત્યુત્તર મળ્યો હતો. પ્રકૃતિની અને મારી વચ્ચે એક પ્રકારનો નવીન, ગાઢ પરિચય સધાયો હતો, વધતી જતી નિકટતાની તે એક લાંબા સમય સુધી ચાલેલી ગતિ હતી, જે એક અનુભૂતિમાં પરિણમી, જે ૮મી નવેમ્બરે મને પ્રાપ્ત થઈ હતી.

પ્રકૃતિ એકદમ સમજી ગઈ, તે સમજી ગઈ કે હમણાં જ જન્મ પામેલી આ નવીન ચેતના મારો ઇન્કાર કરવા નથી માગતી, પણ સમગ્રપણે મને આલિંગન આપવા માગે છે. તે સમજી ગઈ કે આ નવીન આધ્યાત્મિકતા જીવનથી વિમુખ બનવા નથી માગતી, મારી ગતિની ભીષણ વિપુલતાથી ડરી જઈને દૂર ભાગી જવા નથી માગતી, પણ મારી બધી બાજુઓનો સમન્વય સાધવા માગે છે. તે સમજી ગઈ કે અતિમાનસ ચેતના મને ન્યૂન બનાવવા નથી માગતી, પણ મને પરિપૂર્ણ બનાવવા માગે છે.

પછી પરમ વાસ્તવિકતામાંથી આ આદેશ મળ્યો કેઃ 'હે પ્રકૃતિ, સહકારના આનંદ પ્રત્યે જાગૃત થા.' પ્રકૃતિ આનંદના એક મહાન આવેગમાં આગળ ધસી આવી અને બોલી કે હું તમારો આદેશ માથે ચઢાવું છું, હું સહકાર આપીશ. તેજ વખતે, એક પરિપૂર્ણ શાંતિ પથરાઈ ગઈ, જેથી શરીરનું પાત્ર, ભાંગી ગયા સિવાય, કશું પણ ગુમાવી બેઠા સિવાય, પ્રકૃતિના આ આનંદના બળવાન પૂરને ઝીલી શકે, પોતામાં સમાવી શકે. તે આનંદ પ્રકૃતિમાં પેદા થયેલી આભારની લાગણીમાંથી જન્મ્યો હતો. પ્રકૃતિએ તે વાત સ્વીકારી લીધી. પોતાની આગળ પડેલી શાશ્વતી સાથે, તેણે જોયું કે અતિમાનસ ચેતના મને સંપૂર્ણપણે પરિપૂર્ણ બનાવવા માગે છે, મારી ગતિને વધારે બળ આપવા માગે છે, મારી લીલાને વધારે વિશાળતા અને શક્યતાઓ આપવા માગે છે.

પૃથ્વીના સર્વ ખૂણાઓમાંથી આવતા હોય તેમ, મેં ઓચિંતા તે મહાન સ્વરના સરોદો સાંભળ્યા, જેમને કોઈક વાર માણસ પોતાના સૂક્ષ્મ ભૌતિકમાં સાંભળે છે. તે સરોદો બીથોવનના ડી મેજોરમાં સંભળાતા સરોદો જેવા હતા, જે સરોદો પ્રગતિ સિદ્ધ થતાં સંભળાતા હોય છે. જાણે કે પચાસ ઓરકેસ્ટ્રાઓ એકી સાથે સંવાદિતામાં સંભળાતી ન હોય! તેમાં એક પણ સૂર ખોટો ન હતો. પ્રકૃતિ અને આત્મા વચ્ચેના આ નવીન પારસ્પરિક સંબંધના આનંદને અભિવ્યક્ત કરવા તે સરોદો સંભળાતા હતા. ખૂબ સમયથી વિખૂટા પડેલા બે મિત્રોના મિલનના આનંદને તે સરોદો વ્યક્ત કરતા હતા.

પછી આ શબ્દો આવ્યાઃ ''હે પ્રકૃતિ, ભૌતિક મૈયા, તેં જણાવ્યું છે કે તું સહકાર આપીશ;

અને તારા સહકારની ભવ્યતાની કોઈ સીમા નથી.''

આ રીતે નૂતન વર્ષનો સંદેશ જન્મ્યો હતો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : પૃષ્ઠ ૨૨૯-૨૩૧)

***

## નૂતન જગતનાં બીજ (૧૯૫૯)

**અચેતનાના સૌથી સખત, અક્કડ, સંકુચિત અને ગૂંગળાવી મૂકે એવા તળિયે એક સર્વશક્તિમાન કમાન પર હું અથડાઈ પડી અને એ કમાને તુર્ત જ મને અરૂપ, અસીમ વિશાળતામાં ઊંચે ઉછાળી. એ વિશાળતા નૂતન જગતનાં બીજથી આંદોલિત થતી હતી.**

અચેતનાના છેક તળિયે, જે તળિયું ખૂબ સખત અને અક્કડ હોય છે... કારણ, સામાન્યતઃ અચિત્ એવી છાપ ઉપસાવે છે કે નિશ્ચિતપણે એ કંઈક આકારહીન, જડ, અરૂપ, નીરસ અને ભૂખરું હોય છે. (અગાઉ જ્યારે હું અચિત્ના પ્રદેશમાં પ્રવેશી હતી ત્યારે સૌ પ્રથમ એ જ વસ્તુનો સામનો મારે કરવો પડ્યો હતો.) પરંતુ આ હતું અચેતન.... એ હતું સખત, અક્કડ, જામી ગયેલું, જાણે પ્રતિરોધ કરવા માટે જામી ગયું ન હોય ! બધા પ્રયત્નો જાણે એના પરથી સરી પડે છે, એને સ્પર્શ કરતા જ નથી, એની અંદર પ્રવેશી શકે જ નહિ. અને એટલે જ હું એને એકદમ સખત, અક્કડ અને સંકુચિત ગણું છું. (એવી કોઈ વસ્તુ જે તમારું સંકોચન કરે છે. સંકુચન, સંકુચન...) અને ગૂંગળાવી મૂકે એવું, હા, એ જ શબ્દ શ્વાસને રૂંધે તેવું.... અને પછી સર્વશક્તિમાન એવી એક કમાન ઉપર હું અથડાઈ, જે કમાને મને તુર્ત જ અરૂપમાં, અમર્યાદ વિશાળતામાં ઉપર ઉછાળી મૂકી, એ વિશાળતા સર્વ સર્જનનું નિર્માણ કરનારી વિશાળતા હતી. એ હતું.... હા, મારી એ લાગણી, એ અનુભૂતી રહી છે કે એ સામાન્ય સર્જન ન હતું, આદિકાળનું સર્જન ન હતું; એ હતું અતિમાનસ સર્જન. કારણ સર્વ વસ્તુના સ્રોત, પરમ તત્ત્વમાં પાછા વળવાની અનુભૂતિ સમાન મારી એ અનુભૂતિ ન હતી. મને નિરપવાદ રીતે એવી લાગણી થઈ હતી કે હું અતિમાનસ સર્જનના મૂળ સ્રોતમાં ઢળાઈ રહી હતી. — એવું કંઈક જે... (એને કેવી રીતે અભિવ્યક્ત કરી શકાય) પરમમાંથી જેનું પદાર્થીકરણ થયું હોય. અને જેનું સ્પષ્ટ ધ્યેય હોય છે : અતિમાનસ સર્જન.

એ હતી મારી લાગણી.

મને નથી લાગતું કે એમાં મારી કંઈ ભૂલ થઈ હતી, કારણ, મને પરમ સમૃદ્ધ શક્તિ, હૂંફ, અને સુવર્ણની લાગણી થઈ હતી... એ પ્રવાહી ન હતું, એ ભૂકા જેવું હતું. અને એ વસ્તુઓમાંની પ્રત્યેક (એમને ટપકું કે ટુકડો ન કહી શકાય. બિંદુઓ પણ નહિ, તમે અને ગણિતશાસ્ત્રની ભાષામાં સમજો તો જ સમજી શકાય એવું ટપકું જે કોઈ જગ્યા રોકતું નથી.) જાણે કે ગણિશશાસ્ત્રીય બિંદુ સમાન કંઈક. અને એ હતું જીવંત સુવર્ણ સમાન, ઉષ્ણ સુવર્ણનો ભૂકો જાણે ! એ ચળકતું હતું એમ હું જણાવી શકું નહિ, એ ગાઢ હતું એમ પણ નહિ, એ પ્રકાશનું બનેલું પણ ન હતું. સુવર્ણનાં નાનાં ટપકાંઓનો સમૂહ, અન્ય કંઈ નહિ, એ જ એ ટપકાંઓ જાણે મારાં ચક્ષુઓને સ્પર્શી રહ્યાં હતાં, મારા મુખને... અને તે એવી અંગભૂત

શક્તિ અને હૂંફ સહિત... એ ભવ્ય હતું. અને પછી એક જ સમયે પૂર્ણતાની લાગણી, સર્વશક્તિમત્તાની શાન્તિ.... એ સમૃદ્ધ હતું, એ હતું સંપૂર્ણ. એ હતી ગતિ એની પરાકાષ્ઠાએ, વ્યક્તિ જે કલ્પી શકે તે સર્વ કરતાં અનંતગણી ત્વરા, અને સાથોસાથ એ હતું સંપૂર્ણ શાન્તિ, પૂર્ણ સ્વસ્થતા.... (The Mother : Conversations with a disciple : Nov 8, 1958)

***

**આ કમાન (સ્પ્રિંગ) શું છે ?**

કમાન ? એનો ચોક્કસ અર્થ થાય છે : અચિત્‌ના ઊંડામાં ઊંડા ઊંડાણમાં એક પરમ કમાન રહેલી છે જે આપણને પરમનો સ્પર્શ કરાવે છે. એ છે : પરમ આપણને પરમનો સ્પર્શ કરાવે એના જેવું. એ છે સર્વશક્તિમાન કમાન. તમે જ્યારે અચિત્‌ને છેક તળિયે પહોંચી જાવ ત્યારે તમે પરમને સ્પર્શ કરો છો.

**તો એ છે ટૂંકામાં ટૂંકો રસ્તો !**

ના, ટૂંકામાં ટૂંકો માર્ગ નહિ ! મારે માટે તો અચિત્‌ના તળનો સ્પર્શ કરવો એ જ અઘરું હતું. અને અન્યોને માટે તો શાશ્વતી જેટલો સમય લાગી જશે.

શ્રી અરવિન્દે પોતાના કાવ્ય 'A God's Labour' — એક પ્રભુ સ્વરૂપનો પરિશ્રમ — માં જે લખ્યું છે એના જેવું એ કંઈક છે.

**શું અચિત્‌ને છેક તળિયે પરમ તત્ત્વ હતું, જેણે તમને સીધા પરમ પરત્વે ઉછાળી દીધાં હતાં ?**

હા. કારણ અચિત્‌ને છેક તળિયે પરમ તત્ત્વ હોય છે. એ તો ઊંચામાં ઊંચું શિખર ઊંડામાં ઊંડા ઊંડાણને સ્પર્શે છે, એના જેવું છે. વિશ્વ એક વર્તુળ જેવું છે — સાપ પોતાની જ પૂંછડીને કરડી રહ્યો હોય એવા ચિત્ર દ્વારા વિશ્વને દર્શાવવામાં આવતું હોય છે. એનો અર્થ એ કે પરમ ઊંચાઈ એકદમ ભૌતિક પદાર્થને સ્પર્શી રહી છે, કશાની પણ દરમિયાનગીરી વગર. આ વસ્તુ મેં અનેક વખત જણાવેલી છે....

અચિત્‌નું આ દર્શન (ક્ષણ પૂરતું શ્રી માતાજી તાકતાં રહે છે) એ હતું મનોમય અચિત્. કારણ કે પ્રારંભનું બિંદુ મનોમય હતું. એક વિશિષ્ટ અચિત્ — અક્કડ, કઠણ, પ્રતિરોધ કરતું — મન આપણી ચેતનામાં જે લઈ આવ્યું છે તે સર્વ વસ્તુઓ સહિતનું અચિત્. અને શુદ્ધ ભૌતિક અચિત્ કરતાં એ ઘણું ખરાબ પ્રકારનું અચિત્ હતું ! મનોમય બનેલું અચિત્. આ બધી અક્કડતા, આ કઠણાઈ, આ સંકુચિતતા આ નિશ્ચિતી આવે છે સૃષ્ટિની અંદર રહેલી મનની હાજરીથી. જ્યારે મનનો આવિર્ભાવ થયો ન હતો ત્યારે અચિત્ આ પ્રકારનું ન હતું ! એ અરૂપ હતું અને જે કંઈ અરૂપ હોય છે તેના જેવી સ્થિતિસ્થાપકતા એની અંદર હતી — એ સ્થિતિસ્થાપકતા હવે રહી નથી.

અચિત્‌માં મનના કાર્યની એ છે ભયંકર પ્રતિમા.

એણે અચિત્‌ને હુમલાખોર બનાવ્યું છે — અગાઉ અચિત્ એવું ન હતું. હુમલાખોર, પ્રતિરોધી, ધૂંધળું ન હતું.

હા, તો પરિસ્થિતિ આ છે. એ મૂળ અચિત્ ન હતું. એ હતું મનોમયતા પ્રાપ્ત કરેલું અચિત્. વિરોધની આડે મન જે લઈ આવ્યું છે તે સર્વ પ્રતિકાર, સખ્તાઈ, અક્કડતા સહિતનું અચિત્....

અગાઉ મને જે મૂળભૂત અચિત્‌ની અનુભૂતિ થઈ હતી એની આ અનુભૂતિ નથી. આ વખતે મને જેની અનુભૂતિ થઈ હતી તે એવા અચિત્‌ની કે જે સૃષ્ટિમાં મનની અસર હેઠળ પસાર થયેલું છે. આમ આ અચિત્ અગાઉના અચિત્ કરતાં વધુ મહત્તર અંતરાયરૂપ બનેલું છે....

એ એકદમ નૂતન અનુભૂતિ હતી.

આપણે ત્યાં છીએ.

અને જે કંઈ થઈ રહ્યું છે તેનું સંપૂર્ણ ચિત્ર છે આ સર્વશક્તિમાન કમાન — જે થવું જ જોઈએ, જે થવાનું જ છે — સર્વને માટે. એકાએક જ આપણે વિશાળતામાં ઊછળી જઈએ છીએ. (The Mother : Conversations with a disciple : November 11, 1958)

***

**સત્યનું આગમન (૧૯૬૫)**

**પ્રણામ સત્યના આગમનને**

**મધુર માતાજી, આ વર્ષના આપના નૂતન વર્ષના સંદેશમાં આપે લખી જણાવ્યું છે : ''પ્રણામ સત્યના આગમનને.'' તો એનો અર્થ એ કે સત્યનું આગમન એકદમ નજીક છે ? એ આગમનને ઓળખી શકવા અને એનો સ્વીકાર કરી શકવા માટે આ વર્ષ ૧૯૬૫ દરમિયાન અમારે શું કરવું જોઈએ ?**

પોતાની અંદર, પોતાની સર્વ હિલચાલોના મૂળને સ્પષ્ટપણે ઓળખી લેવું એ જ છે કરવા લાયક શ્રેષ્ઠ વસ્તુ — જે હિલચાલો સત્યના પ્રકાશમાંથી ઉદ્‌ભવે છે તે અને જે જૂની જડતા અને જૂઠાણામાંથી ઉદ્‌ભવે છે તેનો ભેદ પારખવો — અને પ્રથમ હિલચાલનો સ્વીકાર કરવો તથા બીજીનો પરિત્યાગ કરવો.

ધીરજ રાખવાથી સાધક આ ભેદને વધુને વધુ સ્પષ્ટતાપૂર્વક ઓળખી શકે છે. પરંતુ એક સામાન્ય નિયમ વ્યક્તિ સ્થાપિત કરી શકે છે કે જે હિલચાલો વિસંવાદિતા, અવ્યવસ્થા અને જડતામાં પરિણમતી હોય છે, તેનું મૂળ હોય છે જૂઠાણું અને જે કંઈ એકતા, સંવાદિતા, વ્યવસ્થા અને ચેતના પ્રતિ લઈ જાય છે તે સત્યમાંથી ઉદ્‌ભવતી હોય છે.

આ માત્ર સૂચન છે, વધુ નહિ, માર્ગ ઉપર પ્રથમ ડગ કેવી રીતે ભરવું એનું સૂચન માત્ર.

(CWM : 16 : 311)

***

**સત્ય અથવા સર્વનાશની ખાઈ (૧૯૬૭)**

**માનવો, રાષ્ટ્રો, ભૂખંડો !**

**પસંદગી અનિવાર્ય છે.**

**સત્ય અથવા સર્વનાશની ખાઈ.**

**૧૯૬૭ના નૂતન વર્ષના સંદેશમાં તમે કહો છો કે સત્ય અથવા ખીણ વચ્ચેની પસંદગી કરવાની છે. ખીણ તો આગળ મોં ફાડીને ઊભી હોય તેમ લાગે છે. તેમ છતાં એક એવી શ્રદ્ધા છે કે તેને માર્ગમાંથી હઠાવી લેવામાં આવશે.**

શ્રદ્ધા બિલકુલ યથાર્થ છે. જે લોકો નિદ્રાધીન છે અને જેમને તેમની નિદ્રાથી સંતોષ છે તેવા લોકો માટે આ સંદેશ છે.

***

**તમારા નૂતન વર્ષના સંદેશમાં ‘‘ખીણ’’નો શો અર્થ છે ? અથવા બીજા શબ્દોમાં કહીએ તો સાધકે કઈ વસ્તુથી ડરવાનું છે ?**

અત્યારે તો એક મહાન તંગ અવસ્થા છે. લોકો જાણે કે યુદ્ધ શરૂ કરવાની તૈયારીમાં હોય એવું લાગે છે. માણસો આંતરરાષ્ટ્રીય સંબંધોમાં અંધ આવેગોને અનુસરે છે.

આ બધી વસ્તુઓના પાયામાં એક બીક, સર્વસામાન્ય અવિશ્વાસ રહેલાં છે. અને જે વસ્તુને તેઓ પોતાનો ‘લાભ’ માને છે (પૈસા, વેપાર વગેરે....) — તે આ ત્રણે વસ્તુઓનો સમન્વય છે. જ્યારે આ ત્રણ નિમ્ન કક્ષાના માનવ-આવેગો પૂર્ણ બહારમાં ખીલી ઊઠે છે ત્યારે હું તે વસ્તુને ‘‘ખીણ’’ કહું છું.

જ્યારે કોઈ વ્યક્તિ પ્રભુની શોધ માટે પોતાનું જીવન અર્પણ કરવાનો નિશ્ચય કરે છે ત્યારે જો તેના સંકલ્પમાં તે સાચદિલ હોય એટલે કે તેનો નિશ્ચય સચ્ચાઈપૂર્ણ હોય અને તેનો અમલ તે સચ્ચાઈથી કરે તો તેણે કોઈ પણ વસ્તુથી બિલકુલ ડર રાખવાની જરૂર નથી. કારણ કે તેના માટે જે કાંઈ બને છે અથવા બનશે તે વસ્તુ આ સાક્ષાત્કાર પ્રત્યે દોરી જતો ટૂંકો માર્ગ હશે.

જે વસ્તુ જ પ્રભુકૃપાનો પ્રત્યુત્તર છે. લોકો એવી માન્યતા ધરાવે છે કે પ્રભુકૃપા તમારા સમગ્ર જીવન દરમિયાન દરેક વસ્તુને સરળ બનાવી દેશે. તે વસ્તુ સાચી નથી.

પ્રભુકૃપા તમારી અભીપ્સાના સાક્ષાત્કાર માટે કાર્ય કરે છે અને દરેક વસ્તુનું એ પ્રકારનું સંચાલન હોય છે કે તેનાથી તાત્કાલિક અને સૌથી ઝડપી રીતે સિદ્ધિ મળે — એટલા માટે કોઈ પણ વસ્તુથી ડર રાખવાનું કારણ નથી.

બિનસચ્ચાઈની સાથે ભીતિ પ્રવેશ કરે છે. જો તમારે સહિસલામતીવાળું જીવન અને તમને પસંદ પડે તેવા સંજોગો જોઈતાં હોય તો તમે શરતો અને મર્યાદાઓ મૂકો છો અને તેથી તમે ડર રાખી શકો છો ! પરંતુ તે વસ્તુને સાધનામાં સ્થાન નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : પૃષ્ઠ ૧૪૭-૪૮)

***

**સત્યના સંરક્ષકો**

એ બહુ રસદાયી છે... આ 'સંદેશ'ને લઈને, વર્ષ ૧૯૬૭ના નૂતન વર્ષના સંદેશને લીધે (હરેક સ્થળે પ્રત્યેક વ્યક્તિ આ સંદેશ વિશે વાત કરતી રહે છે; આ સંદેશે સારો આંચકો આપ્યો છે. સરકારી વર્તુળોમાં પણ, સર્વ સ્થળે.) આ સંદેશને લઈને હવે પ્રત્યેક વ્યક્તિ પોતે 'સત્યની સંરક્ષક' છે એવો દાવો કરતી રહે છે. તેઓ મને પ્રશ્નો પૂછે છે અને દરેક વ્યક્તિને આશ્ચર્ય થાય છે કે પોતે સત્યને જે રીતે સમજી છે એવું સત્ય વિશ્વમાં પ્રસ્થાપિત થયું નથી. અને એટલે જ સત્ય વિશેની સર્વ સમજો સામે સત્ય માટે યુદ્ધ શરૂ કરવાની મને ફરજ પાડવામાં આવી રહી છે !....

રોજ રોજ આમ બનતું જ રહે છે, એની તીવ્રતા વધતી જ રહે છે ! પ્રત્યેક વ્યક્તિ 'સત્યની સંરક્ષક' છે. કોઈ ખોરાક વિશેના સત્યની તો અન્ય પૈસા વિશેના સત્યની. વળી અન્ય કોક ધંધા વિશેના સત્યની તો બીજું કોઈ સંબંધો વિશેના સત્યની વાત કરતું જ રહે છે. ... દરેકનો પોતાની પસંદગીનો વિષય હોય છે.

અને આશ્ચર્ય તો એ વાતનું છે કે હજુ સુધી એક પણ વ્યક્તિએ મને આ મુજબ જણાવ્યું નથી : 'હોઈ શકે, મારા અભિપ્રાયો સાચા ન પણ હોય !' — એક પણ વ્યક્તિએ આ મુજબ જણાવ્યું નથી ! 'હોઈ શકે, વસ્તુઓને જોવાની, અનુભવવાની મારી રીત સાચી ન પણ હોય ?' તેઓ બધાં જ સંપૂર્ણ સત્યમાં જ જીવી રહ્યાં છે !

એ બહુ જ રસદાયી છે.

**સત્યના દુશ્મનો કરતાં સત્યના સંરક્ષકો મોટે ભાગે વધુ નઠારા હોય છે.**

(માતાજી સંમતિસૂચક નિશાની દર્શાવે છે.) પરંતુ એના વિશે હું તેઓને કશું કહી શકું નહિ. કારણ હું જ એને માટે જવાબદાર છું. મેં તેઓને જણાવ્યું હતું : 'Cling to Truth' –* સત્યને વળગી રહો.

ના, તેઓ સર્વ એની એ જ ભૂલ કરી રહ્યાં છે : એ લોકો સદ્‌ગુણના પુરાણા આદર્શ સાથે સત્યને ભેળસેળ કરી દે છે. તેઓ બધાં આ જ ભૂલ નૈતિક સ્ખલન પોતે કરતાં હોય છે એ રીતે કરતાં રહે છે.

---

* એક સમયે સત્ય વિશે પૂછવામાં આવેલ પ્રશ્નનો ઉત્તર આપતી વખતે શ્રી માતાજીએ લખી જણાવ્યું હતું :

''સત્ય એ કોઈ ધાર્મિક માન્યતા (જેને સ્વીકારવાની જ હોય) નથી, જેને તમે કાયમને માટે એક વખત શીખી લો અને એક નિયમ તરીકે લાદી દો. સત્ય એ પરમ પ્રભુ જેટલું જ અનંત છે અને જે લોકો સત્યનિષ્ઠ છે તથા સાવધાન છે એમને માટે તે પ્રત્યેક પ્રસંગે આવિર્ભાવ પામતું રહે છે.''

''સર્વ કોઈ એને જોઈ શકે તેમ જ સમજી શકે એ રીતે જો સત્ય આવિર્ભાવ પામ્યું હોત તો લોકો સત્ય વિશેના પોતાના અજ્ઞાન અને ખોટા અર્થઘટનની પારાવાર દુષ્ટતાથી ધ્રૂજી ગયા હોત.''

અને સવિશેષ, તેઓ સત્ય બહુ જ સ્પષ્ટ અને સારી રીતે વ્યાખ્યા કરાયેલા થોડા જ શબ્દોમાં અભિવ્યક્ત થવું જોઈએ એમ ઇચ્છતાં હોય છે. એટલે તેઓ કહી શકે કે : 'આ સાચું છે.' ધર્મોની પુરાણી ભારે આફત : 'આ સાચું છે' — અને માટે જ બાકીનું બધું જૂઠાણું છે.

કેટલી વખત.... કેટકેટલી વખત શ્રી અરવિન્દે (અને મેં જાતે) જણાવેલું છેઃ

> **''જ્યારે કોઈક વસ્તુ સાચી હોય છે ત્યારે તમે એ બાબતે નિશ્ચિંત રહી શકો કે એની વિરુદ્ધની વસ્તુ પણ સાચી જ હોય છે. તમે જ્યારે આ સમજી લેશો ત્યારે પછી તમે સમજવાની શરૂઆત કરી શકશો.''**

આજે સવારે જ શ્રી અરવિન્દના એક કથન વડે મારા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો અને મને કહેવામાં આવ્યું હતું કે 'મા' પુસ્તકમાં શ્રી અરવિન્દે લખ્યું છે કે : **'The divine Grace can act only in the Truth'** – અને મારે એ ભૂલવું જોઈએ નહિ કે (શ્રી માતાજી હસે છે) શ્રી અરવિન્દે એ મુજબ પણ લખી જણાવ્યું છે કે 'ઈશ્વરની કૃપા પ્રત્યુત્તર આપશે, પરંતુ એ જૂઠાણાંમાં પ્રત્યુત્તર વાળશે એવું વિચારશો નહિ....' વખાણવા લાયક વાક્ય. ફેર એટલો જ, તેઓ જાણતા નથી : એ લોકો માને છે કે પોતે જ સત્યનો માલિકીભાવ ધરાવે છે — જૂઠાણું બીજાઓ માટે છે! ... અને બુદ્ધિશાળી લોકો, એવા લોકો, જેમની પાસે ગમે તેમ પણ મગજ તો છે જ, જેઓ સમજે છે, તેઓ પણ આ ફંદામાં ફસાઈ જતા હોય છે....

(The Mother : Conversations with a disciple : March 22, 1967)

***

## અતિમાનસ ચેતના (૧૯૬૯)

### શબ્દો નહિ – કાર્યો


રાત્રે આ ધીરેથી આવ્યું હતું અને આજે સવારે જ્યારે હું જાગી હતી ત્યારે ઉષા સુવર્ણ હતી. અને વાતાવરણ એકદમ પ્રકાશમય હતું. શરીરે અનુભવ્યું હતું, ''ઓહ, એ સાચે જ... ખરેખર નૂતન છે. એક પ્રકાશ, સુવર્ણ પ્રકાશ અને... ભલું કરવાની ઇચ્છાવૃત્તિ, નિશ્ચિતતાની લાગણી મુજબ ભલું કરવાની ઇચ્છા — સંવાદમય નિશ્ચિતતા, એ નૂતન તત્ત્વ હતું.

તો ત્યાં

હું જ્યારે લોકોને જણાવું છુંઃ **'સુખી નૂતન વર્ષ'** ત્યારે એ જ વસ્તુ હું તેઓ પાસે મોકલું છું. અને આજે સવારે મેં મારો સમય એ જ રીતે પસાર કર્યો હતોઃ **'Happy New Year... સુખમય નૂતન વર્ષ....**

***

એ વર્ષનો આરંભ હતો. દેવની કક્ષાનું કોઈ આવ્યું હતું, 'Happy New Year', કહેવા માટે — વર્ષને સુખમય બનાવવાની સર્વ શક્તિ સહિત. એ એમ હતું... એ તેની શક્તિને લીધે પ્રકાશમાન, સ્મિતસભર અને ભલું કરવાની વૃત્તિ વાળું હતું. માનવની અંદર આ ભલું કરવાની



શ્રી અરવિન્દ

વૃત્તિ એ સહેજ દુર્બળ હોય છે, એ રીતે દુર્બળ કે એને સંગ્રામ પસંદ નથી, એ સંઘર્ષ પસંદ કરતી નથી — પરંતુ આ વૃત્તિ, જે દેવની કક્ષાએથી આવેલી હતી તે માનવવૃત્તિ જેવી દુર્બળ સહેજ પણ ન હતી. એ વૃત્તિ તો પોતાની જાતને લાદી દેતી હતી. (શ્રી માતાજી પોતાની ખુરશીના હાથ મૂકવાના ભાગે પોતાની બંને મુઠ્ઠીઓ લઈ આવે છે.)

મને એમાં રસ પડ્યો, કારણ એ તદ્દન નવી વસ્તુ હતી. અને એકદમ સઘન વસ્તુ હતી. સઘન, આના સમાન (શ્રી માતાજી ખુરશીના હાથાઓને સ્પર્શે છે) શારીરિક ચેતના જે રીતે અન્યોને જુએ છે તે રીતે, એટલી માત્રામાં સઘન. એનો અર્થ એ કે તે કોઈ આંતર સ્વરૂપમાંથી આવ્યું ન હતું. એ સીધેસીધું શરીરમાં ચૈત્ય પુરુષના માધ્યમ દ્વારા આવ્યું હતું....

નબળાઈ અને છાયાવિહીન માનવ, એ સર્વ તેજસ્વીતા હતી... સર્વ પ્રકાશ, સ્મિત અને સાથે સાથે મધુરતા પણ.

(The Mother : Conversations with a disciple : January 1, 4, 1969)

***

## તમારી ચેતનાને વિશાળ કરો (૧૯૭૩)

**તમે જ્યારે એક જ સમયે સમગ્ર વિશ્વ વિશે સભાન બનો છો ત્યારે તમે ઈશ્વર વિશે સભાન બની શકો છો.**

મારો કહેવાનો અર્થ એમ નથી કે વિશ્વ વિશે સભાન બનવાથી તમે આપોઆપ ઈશ્વર વિશે સભાન બની જશો. તમારી ચેતના જ્યારે એટલી વિશાળ બની જાય કે તમે સમગ્ર જગતને જોઈ શકો અને એના વિશે સભાન બની શકો, પછી તમે શક્તિમાન બનશો....

હું આ કેવી રીતે જણાવું ?.... હું એકદમ ચોક્કસ બનવા માગતી નથી. દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા અનુસાર આ સંદેશ સમજે એવું હું ઇચ્છું છું — તમે સમજ્યા ? હું જે કહેવા માગું છું તે તમને સમજાય છે ?

**હા, માતાજી, સમજાય છે.**

સપાટી પરની ચેતના વાળી વ્યક્તિ એની રીતે આને સમજશે. પરંતુ ગહનતર ચેતના વાળી વ્યક્તિ એનો વાસ્તવિક અર્થ સમજી શકશે.....

(The Mother : Conversations with a disciple : September 13, 1972)

***

## નૂતન વર્ષનો સંદેશ

**બાળક :** આપ દર વર્ષે પહેલી જાન્યુઆરીએ એક સંદેશ આપો છો. એની પાછળ તત્ત્વતઃ શો સંકેત રહેલો હોય છે ?

**શ્રી માતાજી :** હા, દરેક વર્ષે... યુદ્ધના દિવસોમાં તો એ વસ્તુઓ અદ્‌ભુત બનતી, એમાં જાણે, જે વસ્તુઓ બનવાની હોય તેના ભાવિ સંકેત જેવું આવતું. હવે કોઈ યુદ્ધ નથી અને ભવિષ્યવાણીની જરૂર પણ નથી ! પરંતુ એમાં હમેશાં, જે પ્રગતિ કરવાની જરૂર હોય છે તેનો સંકેત આપવામાં આવે છે. એ પ્રાર્થના* તમને આવતી કાલે સવારે મળશે. પરંતુ હું તમને એના ઉપર ઊંડું મનન કરવાની સલાહ આપું છું. કારણ કે સાચે જ એ વસ્તુ બહુ જ અગત્યની ગણીને કહેવામાં આવી હતી. હવે આપણે લગભગ જાણે કે સામાન્ય લોકોને માટે કોઈ રસપ્રદ વસ્તુઓ હોઈએ એવાં બની ગયાં છીએ. એટલે કે ઘણા ઘણા મુલાકાતીઓ આવે છે, ઘણા ઘણા લોકોને આપણે અહીં જે કાંઈ કરીએ છીએ તેની સાથે સંબંધ હોય છે, એમને બધે ફેરવવામાં આવે છે અને આપણે શું કર્યું હોવાનું માનીએ છીએ, શું કરવાના છીએ, એવું બધું કહેવામાં આવે છે. અને મારે એમ કહેવાની એક અનિવાર્ય જરૂરિયાત ઊભી થઈ હતી : 'મહેરબાની કરીને આપણે શું કરીએ છીએ એની આટલી બધી વાતો ન કરશો; કેવળ કર્યે જાઓ.' બસ એટલું જ.

નાનામાં નાની વિગતોની બાબતમાં પણ કાંઈ કહેવા કરતાં, કરી બતાવવું હમેશાં વધુ સારું હોય છે.

એમાં એક બીજો, વધુ ગહન અર્થ પણ છે પરંતુ એ વિશે વળી ફરી કોઈ વાર તમને વાત કરીશ.

બસ ત્યારે, આવજો, મારાં બાળકો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૫૫૧)

***

* ૧૯૫૪ની સાલના નૂતન વર્ષનો સંદેશ :

'મારા પ્રભુ, આ વર્ષને માટે તારી સૌને માટેની આ સલાહ છે :

''કોઈ વાતની બડાશ ન મારશો, તમારાં કાર્યોને બોલવા દેજો.'' '

# નૂતન વર્ષનું સંગીત

(સુનિલે તૈયાર કરેલું નવા વર્ષનું સંગીત સાંભળ્યા બાદ)

તમને ગમ્યું ?

**સંગીત ખૂબ જ સુંદર છે, ખૂબ શક્તિશાળી છે.**

ખરું ને, અને એ એક વાતાવરણ ખડું કરે છે. સામાન્યતઃ હું સુનિલ માટે અમુક સંગીત વગાડું છું અને એ એમાંથી નવા વર્ષનું સંગીત તૈયાર કરે છે. પરંતુ આ વખતે મેં એમ કર્યું ન હતું, એને માટે મેં સંગીત વગાડ્યું ન હતું એટલે તેણે મારી કોઈ પુરાણી રચનામાંથી અમુક ભાગો લીધા હતા અને એમ સ્પર્શ કેળવીને એણે આ વર્ષનું સંગીત તૈયાર કર્યું હતું.

એક અમેરિકન સંગીતકાર અહીં આવ્યા હતા અને મેં તેમને સુનિલ પાસે મોકલ્યા હતા (એ પિયાનો વગાડનાર છે) એ સંગીતકારે જણાવ્યું હતું કે તેઓએ અમેરિકામાં સુનિલનું સંગીત સાંભળ્યું હતું. શરૂઆતમાં લોકો એ સાંભળી થોડા વ્યગ્ર થઈ ગયા હતા, પરંતુ અનેક વખત એ સંગીત સાંભળ્યા બાદ એ લોકો ખૂબ ઉત્સાહી થઈ ગયા હતા.

મારી વાત કહું તો સુનિલનું સંગીત એક વાતાવરણ ખડું કરે છે એવું મને લાગે છે. એક વાતાવરણને નીચે ઉતારી લાવે છે.

અને માનવ સ્વર પૂરેપૂરો રમણીય છે, સંગીત સાથે સારી રીતે ભળી ગયેલો છે.

(The Mother : Conversations with a disciple : December 28, 1968)

***

# વૃત્ત વિશેષ

**તા. ૨૪મી નવેમ્બર ૨૦૧૭** શ્રી અરવિન્દના સિદ્ધિ દિને શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં દર્શન દિનનાં વિશેષ ધ્યાન, પ્રાર્થના અને માર્ચ પાસ્ટના કાર્યક્રમો ઉપરાંત સાંજે ૭.૦૦થી ૮.૩૦ દરમિયાન શાસ્ત્રીય વાદ્ય સંગીત, શ્રી સ્નેહલ મુઝૂમદાર દ્વારા સંતૂરવાદન પ્રસ્તુત કરવામાં આવ્યું. તેમની તબલા ઉપર સંગત કરી શ્રી હેમાંગ વ્યાસે. આ બન્ને કલાકારોએ પોતાની કલા પ્રભુને અર્પણ કરવાની અભીપ્સા સાથે આ કાર્યક્રમનો પ્રસ્તાવ મૂકયો હતો. શ્રી સ્નેહલ મુઝૂમદાર સંતૂરના ખૂબ ખ્યાતિપ્રાપ્ત કલાકાર છે અને તેઓ દેશવિદેશમાં ઘણા કાર્યક્રમો આપી રહ્યા છે. હાલમાં તેઓ ઈન્ડીયન મ્યુઝીકોલોજિકલ સોસાયટીના અધ્યક્ષ છે અને ઇન્ડો-યુ.એસ. કલ્ચરલ કાઉન્સિલના સ્થાપક અધ્યક્ષ છે. શ્રી હેમાંગ વ્યાસ વ્યવસાયી હોવા છતાં બચપણથી જ તેમનું હૃદય ભારતીય શાસ્ત્રીય સંગીત માટે ધબકી રહ્યું છે.

કળાકારોએ પોતાની રજૂઆતનું શીર્ષક રાખ્યું હતું : **Towards Krishna's Consciousness**

ખરેખર, ખૂબ જ ભક્તિપૂર્ણ અભિગમ સાથે તેમણે આ કાર્યક્રમ રજૂ કર્યો હતો. હાજર સૌ શ્રોતાઓ આ રજૂઆતથી મંત્રમુગ્ધ થઈ ગયા હતા. લગભગ ૬૦ ભાવકોએ કાર્યક્રમનો લાભ લીધો હતો. *(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)*

શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર, લુણાવાડાના ઉપક્રમે નવરાત્રિની આઠમના પાવન પર્વ નિમિત્તે વાર્તાલાપ અને પુસ્તિકાઓના વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી આર.ડી. પ્રજાપતિએ શ્રી માતાજી તથા નવરાત્રિનું મહત્ત્વ વિષય પર પંચશીલ હાઈસ્કૂલમાં વક્તવ્ય રજૂ કર્યું હતું. આ પ્રસંગે વિધવિધ સ્પર્ધાઓમાં સફળ થનાર વિદ્યાર્થીઓને શ્રી અરવિન્દ અને શ્રી માતાજી વિષયક પુસ્તિકાઓ આપવામાં આવી તથા હાજર સર્વે વિદ્યાર્થીઓને ચોકલેટ વહેંચવામાં આવી હતી.

લુણાવાડા શ્રી અરવિન્દ કેન્દ્ર દ્વારા લુણાવાડાની દિવ્યાંગ બાળકો માટેની હેત સંસ્થામાં દિવાળી પર્વ નિમિત્તે ૨૦ બાળકોને બિસ્કીટ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. દિવ્યાંગ બાળકોએ તૈયાર કરેલાં કાચી માટીનાં કોડિયાંનું પ્રદર્શન નિહાળી સર્વેએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી તથા બાળકોની સર્જનાત્મકતાને બિરદાવી હતી. ૧૫ દિવ્યાંગ બાળકોને શ્રી અરવિન્દ અને શ્રી માતાજી વિશેની પુસ્તિકાઓ પણ ભેટ આપવામાં આવી હતી.

## નવાં પ્રકાશનો

**Visions of Champaklal at the Matri Mandir Compiled and Edited by : Roshan and Apruva** © Divyanand Kripanidhi A/4 Size 82 Pages with Beautiful Pictures on Art Plates. **સુંદર મુખપૃષ્ઠ : કિંમત રૂા. ૧૫૦/-.**

આ અંગ્રેજી પુસ્તકમાં ત્રણ વિભાગો છે. પ્રથમ વિભાગ – ઑરોવિલ, માતૃમંદિર અને દર્શનો–માં ઑરોવિલ વિશે તથા દર્શનોની પ્રતીકાત્મકતા વિશેના લેખો સમાવાયેલા છે. બીજા વિભાગમાં શ્રી ચંપકલાલનાં ૬ દર્શનોની વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાંના ચાર દર્શનો શ્રી ચંપકલાલને માતૃમંદિરમાં થયાં હતાં તો અન્ય બે ઑરોવિલમાં અન્યત્ર થયેલાં દર્શનો છે. સંકલનકર્તાઓ આ દર્શનોની વિગતોને શ્રી અરવિન્દ રચિત મહાકાવ્ય સાવિત્રીની પંક્તિઓના અનુસંધાનમાં સમજવાનો અનુરોધ વાચકને કરે છે.

શ્રી ચંપકલાલે પોતાને થયેલાં દર્શનોને અનુરૂપ ચિત્રો પણ તૈયાર કરેલાં છે. એ ચિત્રોમાંના ચાર આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. એક ચિત્રનું અર્થઘટન શ્રી અરવિન્દે કરી આપેલું છે અને બાકીનાં ત્રણ ચિત્રો વિશે શ્રી માતાજીએ સમજાવેલું છે. પુસ્તકમાં સુંદર છબીઓ આકર્ષક રીતે યોગ્ય સ્થાને મૂકવામાં આવી છે.

શ્રી અરવિન્દ, શ્રી માતાજી તેમ જ શ્રી ચંપકલાલ પરત્વેનો ભક્તિભાવ આ સંકલનકાર્યમાં સ્પષ્ટપણે અનુભવાય છે. પુસ્તક પ્રાપ્તિ માટે SABDA, શ્રી અરવિન્દ આશ્રમનો સંપર્ક કરવો.

*

**The Glory of Darshan : Compiled by Shri Narendra Patel** (Baroda) Published by : Shri Narendra Thakkar ' Harmony' 29-32, Gandhipark Society, Harni Road, Baroda, Gujarat - 390 022. Mob : 09824275707 1/8 Demi Size : 60 Pages : **મુખપૃષ્ઠ : શ્રી માતાજીની સુંદર છબી ચાર રંગમાં. પુસ્તકમાં જે સદ્‌ભાગી લોકોને શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં દર્શન કરવાની અનુપમ તક પ્રાપ્ત થઈ હતી અને જેઓએ પોતાના એ અનુભવોને કલમ દ્વારા અભિવ્યક્ત કર્યા છે તે મૂળ અંગ્રેજી લખાણોનું સંકલન રજૂ કરવામાં આવ્યું છે. કુલ ૨૨ મૂળ પુસ્તિકાઓમાંથી લખાણો પસંદ કરવામાં આવ્યાં છે. અતિ સુંદર સંકલન. પ્રકાશક તરફથી આ પુસ્તિકા રસ ધરાવનારાઓને વિના મૂલ્યે એમને ઘેર પહોંચતી કરવામાં આવશે. રસ ધરાવનારે પ્રકાશકનો સંપર્ક કરવો.**

## જાહેરાત

સાવિત્રીશબ્દામૃત શ્રેણીને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હોવાથી સાધકો, કવિતાપ્રેમીઓ તરફથી 'સાવિત્રીશબ્દામૃત-૮' ક્યારે આવે છે ? એવી પૂછપરછ સતત થતી રહે છે. શ્રી શ્રદ્ધાવાને પર્વ-૧૦ના વિવરણને મઠારવાનું કાર્ય શરૂ કરી દીધું છે અને પર્વ-૧૦ના પ્રથમ બે સર્ગનું મૂળ અંગ્રેજી વિવરણ અમને મળી ગયું હોવાથી એના ગુજરાતી અનુવાદનું કાર્ય પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આમ, સાવિત્રીશબ્દામૃત-૮ શ્રી પૂજાલાલદાદાના જન્મદિવસ, ૧૭જૂન ૨૦૧૮ના રોજ પ્રસિદ્ધ કરી દેવાની અમે અભીપ્સા સેવીએ છીએ. ***યોગયુક્તા પ્રકાશન***

*

# જીવનના પડકારો

એમાં તો શક છે જ નહિ કે ત્યાગના અતિરેકોનો આશ્રય લઈ ભોગવિલાસના અતિરેકોની સામે લડવું, એ અતિરેકોમાંથી જન્મતા તપસની સામે લડવું અને એ રીતે આ ભોગવૃત્તિઓને નિર્મૂળ કરી નાખવી એ તો પ્રમાણમાં ઘણી સહેલી વસ્તુ છે. એના કરતાં એક મિતાચારવાળું, સમતોલ, સમતા અને સ્વસ્થતાવાળું જીવન ગાળવું એ ઘણું જ કઠણ કામ છે.

પોતાના શરીર પર અત્યાચાર કરવો અને તેને શૂન્ય જેવું કરી મૂકવું તેના કરતાં એક સ્વસ્થ અને સરળ રીતે શરીરનો સંવાદમય અને પ્રગતિમય એવો વિકાસ રચવો એ કામ ઘણું જ કઠણ છે.

પોતાનામાં ઘણી ત્યાગશક્તિ છે એવું બતાવી આપવા માટે બિચારા શરીરને તેને માટે અનિવાર્ય એવા પોષણથી તથા સ્વચ્છ ટેવોથી વંચિત રાખવું એ વસ્તુ પ્રમાણમાં ઘણી સહેલી છે. જ્યારે કોઈ પણ ઇચ્છા સેવ્યા વિના એક શાંત સંયમિત જીવન ગાળવું એ આના કરતાં ઘણું વિકટ કામ છે.

વળી શરીર માંદું પડે ત્યારે રોગ તરફ ઉપેક્ષા કરવી, તેની પરવા ન કરવી અને રોગને તેનું વિનાશક કામ કરવા દેવું એ સહેલું છે; પરંતુ એમ ન કરતાં આંતર તેમ જ બાહ્ય એવી ઉભયવિધ સંવાદિતતા દ્વારા, વિશુદ્ધિ અને સમતુલા દ્વારા રોગને દૂર જ રાખવો, રોગ થાય તો તેમાંથી બહાર નીકળી જવું, તેને જીતી લેવો એ મહા વિકટ કામ છે.

અને આ બધા કરતાં પણ ચેતનાને હંમેશાં તેની શક્તિની ટોચ પર ટકાવી રાખવી અને શરીરને નીચલી વૃત્તિઓના પ્રભાવ હેઠળ કદી પણ કામ કરતું ન થવા દેવું એ તો અતિશય વિષમ કામ છે.

શ્રી માતાજી

(વર્ષ ૦૪ : અંક ૧)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**